ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# મહાત્મા મંદિર ખાતે સેમિકોન ઈન્ડિયામાં ઉદ્યોગપતિઓના ઉદ્દબોધન

## સેમિકન્ટકટર- ચિપ્સ ઉત્પાદન સાથે સંકળાયેલા દેશ-વિદેશના વિવિધ ઉદ્યોગપતિઓના સંબોધનના મહત્વના અંશો

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આજે 'સેમિકોન ઈન્ડિયા-૨૦૨૩'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેમિકન્ડક્ટર અને ચિપ્સ ઉત્પાદન સાથે સંકળાયેલા દેશ-વિદેશના ઉદ્યોગપતિઓએ ભારત તેમજ ગુજરાતની સેમિકંડક્ટર્સ ઉત્પાદનને અનુકૂળ નીતિઓની પ્રશંસા કરી હતી. સેમિકંડક્ટર્સ ક્ષેત્રની દિગ્ગજ કંપનીઓના વડાઓએ કરેલા સંબોધનના મહત્વના અંશો...



● **શ્રી પ્રભુ રાજા, પ્રેસિડેન્ટ, સેમિકંડક્ટર્સ પ્રોડક્ટ ગ્રુપ**

"અમે દ્રઢપણે માનીએ છીએ કે આ ભારતનો સમય છે. આજના ટેક્નોલોજી સંબંધિત પડકારો અનેક છે અને તેના માટે એકબીજા સાથે ભાગીદારી અને નવીનીકરણ મહત્વપૂર્ણ છે. આજે અહીં ૨૫ વૈશ્વિક સપ્લાયર્સ અને ૫ સ્થાનિક સપ્લાયર્સ ઉપસ્થિત છે."

● **શ્રી સંજય મેહરોત્રા, પ્રેસિડેન્ટ અને સીઈઓ, માઈક્રોન ટેકનોલોજી**

"ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવા માટે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનુ છું, સાથે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો પણ આભાર વ્યક્ત કરું છું કે તેમણે સેમિકન્ડક્ટને અનુકૂળ ઈકોસિસ્ટમને વિકસિત કરવામાં તેમનું સમર્થન આપ્યું છે. અમે માત્ર માઈક્રોન, ગુજરાત કે ભારત માટે જ નહીં પરંતુ વિશ્વ માટે ટેક્નોલોજીનું ભવિષ્ય ઘડી રહ્યા છીએ.

● **શ્રી યંગ લિયુ, ચેરમેન, ફોક્સકોન**

"લગભગ ૧૫ વર્ષથી ફોક્સકોન સપ્લાય ચેઈન સુવિધામાં મજબૂત ભાગીદાર છે. આ પ્રકારની સુવિધાઓનું નિર્માણ કરવા માટે વિવિધ પ્રકારની કુશળતા, વિશ્વાસ અને કામ કરવાના જુસ્સાની જરૂર પડે છે. હું આશા રાખું છું કે તાઈવાનનો આ જુસ્સો ભારતમાં પણ પરિવર્તિત થશે અને અને તેનાથી ભારત સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનું હબ બનશે. તાઈવાન ભારતનું સૌથી ભરોસાપાત્ર ભાગીદાર છે અને રહેશે."

● **શ્રી અજિત મનોચા, પ્રેસિડેન્ટ અને સીઈઓ, સેમિકન્ડક્ટર ઇક્વીકમેન્ટ એન્ડ મટીરીયલ્સ ઇન્ટરનેશનલ**

"એશિયામાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારત આગામી પાવર હાઉસ બનશે. આગામી ૬ થી ૭ વર્ષમાં વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગ ૧ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી જશે. ભારતમાં સેમિકન્ડક્ટર અંગેની મજબૂત નીતિઓ બનાવવામાં આવી છે. ભારતમાં પ્રથમ વખત સ્થાનિક નીતિઓ સેમિકન્ડક્ટર ઉત્પાદન માટે અનુકૂળ છે, તેનો સંપૂર્ણ શ્રેય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને દીઘર્દ્રષ્ટા મંત્રીઓ શ્રી અશ્વિની વૈષ્ણવ અને શ્રી રાજીવ ચંદ્રશેખરજીને જાય છે. સેમિના સી.ઈ.ઓ તરીકે હું કહીશ કે, સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં વિકસિત થવા માટે સેમિનો ભારતને પૂર્ણરૂપે સહયોગ રહેશે."

● **શ્રી માર્ક પેપરમાસ્ટર, એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ અને સી.ટી.ઓ., એડવાન્સ માઇક્રો ડીવાઇસીસ**

"છસ્ઢ આગામી પાંચ વર્ષમાં ભારતમાં ૪૦૦ મિલિયન યુ.એસ. ડોલરનું રોકાણ કરશે. વર્ષ-૨૦૨૮ના અંત સુધીમાં અમે ભારતમાંથી વધુ ૩૦૦૦ જેટલા એન્જિનિયરોને સામેલ કરીને આ વિકાસયાત્રા આગળ વધારીશું. ભારતના સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના નિર્માણમાં અમે મજબૂત ભાગીદાર બનીશું."

● **શ્રી અનિલ અગ્રવાલ, વેદાંતા ગ્રુપ, ચેરમેન**

ભારતની સિલિકોન વેલી બનવા માટે ગુજરાત યોગ્ય સ્થળ છે. ગુજરાત સરકારે એક સાનુકૂળ ઈકોસિસ્ટમ બનાવી છે જેનાથી અમે ખુશ છીએ. સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબ યુનિટ બનાવવા માટે વેદાંતા પ્રતિબધ્ધ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ડ્રાઈવીંગ ટેસ્ટ વિના જ લાયસન્સ ઈસ્યુ કરવાના પ્રકરણમાં બે ઈન્સ્પેકટરોની ધરપકડ

## સાઇબર સેલે પુછતાછ માટે અગાઉના ઇન્ચાર્જ એ આર ટી ઓ જે એસ ઝાલા તેમજ સમીર રતનધરિયાની ધરપકડ કરી : એક એજન્ટ પણ ગિરફ્તમાં

ગાંધીનગર તા ૨૮

આર ટી ઓ કચેરી દ્વારા ડ્રાઈવીંગ ટેસ્ટ વિના જ લાયસન્સ ઈસ્યુ કરવાના કાંડ સામે સાઈબર સેલમાં અગાઉ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જેના અનુસંધાને આઈ પી એડ્રેસ પરથી સારથી સોફટવેર પર અપલોડ કરવામાં આવેલા ડ્રાઈવીંગ ટેસ્ટના વિડીયો પણ શંકાસ્પદ હોવાનુ સ્પષ્ટ થયુ છે આ મામલે સાઈબર ક્રાઈમે આર ટી ઓ કચેરીના બે ઈન્સ્પેકટરોની ધરપકડ કરતા આર ટી ઓ કચેરીમાં પણ ખળભળાટ મચી ગયો છે.

આર ટી ઓમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર ટેસ્ટ આપ્યા વિના જ લાયસન્સ ઈસ્યુ કરવાની હરકત સામે અમદાવાદ આર ટી ઓ દ્વારા સાઈબર સેલમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જયારે આર ટી ઓ કચેરીમાં ડ્રાઈવીંગ લાયસન્સની મંજુરી માટે મળેલી અરજીઓના ડ્રાઈવીંગ ટેસ્ટ સુભાષબ્રિજ આર ટી ઓ કચેરીએ લેવાયા ન હતા જેના લીધે આ શંકાસ્પદ કેસ સંદર્ભે તપાસના ચક્રો ગતિમાન થયા હતા જયારે આ મામલે અરજીઓના ડ્રાઈવીંગ ટેસ્ટના વિડીયો આઈ પી એડ્રેસ પરથી સારથી સોફટવેર પર અપલોડ કરવામાં આવ્યા હતા.

જયારે આ તબક્કે આ સરનામા પણ શંકાસ્પદ હોવાનુ પ્રાથમિક દ્રષ્ટિએ માલુમ પડયુ હતુ જેના લીધે ગાંધીનગર આર ટી ઓ ના બે ઈન્સ્પેકટરોની સાઈબર ક્રાઈમે ધરપકડ કરી હતી. સુભાષબ્રિજ કચેરી ખાતે સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર તરીકે ફરજ બજાવતા આશિષ મગનભાઈ પરમાર સાઈબર સેલમાં અગાઉ ફેબ્રુઆરી વર્ષ ૨૦૨૨ માં અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ કરી હતી. જે મુજબ તા ૨૯ જાન્યુઆરી વર્ષ ૨૦૨૨ ના રોજ અમદાવાદ આર ટી ઓ કચેરીના પરિપત્રમાં જણાંવ્યા મુજબ ડ્રાઈવીંગ ટેસ્ટ લેવાયા હોય તેવી કચેરીમાં જ એપ્રુવલની કામગીરી પણ પુર્ણ કરવાની રહેશે.

જયારે આ પરિપત્રના અંતે ડ્રાઈવીંગ લાઈસન્સની અંદાજે ૯ અરજીઓ પ્રાપ્ત થઇ છે. જેમાં ડ્રાઈવીંગ લાયસન્સ સુભાષબ્રિજમાં થયા ન હતા. પરંતુ સારથી સોફટવેર પર આ અરજીના ડ્રાઈવીંગ ટેસ્ટના વિડીયો અપલોડ થયા તેની તપાસ કરવામાં આવી હતી જેના અંતે તેના સરનામા આર ટી ઓ કચેરીના નહીં પરંતુ કોઈ ખાનગી રાહે થયા હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ. જેમાં આ ૯ અરજીઓ પૈકી ૪ ના ડ્રાઈવીંગ ટેસ્ટ ગાંધીનગરની આર ટી ઓ કચેરીમાં થયા હોવાની હકીકત પણ સામે આવી હતી જયારે આ અંગેના વિડીયો રેકોર્ડીંગ પણ આર ટી ઓ કચેરી પાસે ન હતા. જયારે આ અરજીઓ સંદર્ભે ડ્રાઈવીંગ ટેસ્ટના વિડીયો જે આઇ પી એડ્રેસ પણ શંકાસ્પદ માલુમ પડયુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે અમદાવાદ આર ટી ઓ કક્ષાએથી અગાઉ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી સમગ્ર મામલે તપાસ માટે ગાંધીનગર આર ટી ઓ કચેરીના અગાઉના ઈન્ચાર્જ એ આર ટી ઓ જે એસ ઝાલા તેમજ ઈન્સ્પેકટર સમીર રતનધરિયાની પુછતાછ માટે ધરપકડ કરવામાં આવી હતી.

### પોલીસ કોમ્પ્યુટર સિસ્ટમ લઇ જતા આરટીઓનો ડ્રાઇવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ બંધ

આર ટી ઓમાં લાયસન્સ કૌભાંડ સંદર્ભે ફરિયાદના અનુસંધાને તપાસ હાથ ધરી છે. જયારે આ મામલે બે બે આર ટી ઓ ઈન્સ્પેટકટર તેમજ એક એજન્ટની ધરપકડ પણ કરી છે. જયારે તપાસ માટે સાયબર ક્રાઈમ દ્વારા કોમ્પ્યુટર પણ લઈ જવાયુ છે. આ સ્થિતિના લીધે આર ટી ઓ કચેરીનો ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ બંધ હાલતમાં છે. પોલીસ દ્વારા બે કોમ્પ્યુટર પણ જપ્ત કરાતા હાલ ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરન ટેસ્ટ આપવા આવતા અરજદારોએ પણ ધક્કા ખાવાનો વારો આવ્યો છે.

# શહેરમાં ૯ કી મી લંબાઈ ધરાવતા બે માર્ગો વ્હાઈટ ટોપિંગ કરાશે

## સરગાસણથી રક્ષાશકિત અને અડાલજ કોબા લિંક રોડને વ્હાઇટ ટોપિંગ કરવા માટે અંદાજિત રૂ ૩૮ કરોડનો ખર્ચ કરાશે : ડામર માર્ગોનુ ધોવાણ વધુ થાય છે જયારે પ્રાયોગિક ધોરણે આ કામો મંજુર થતા હવે ટુંકમાં કામ હાથ ધરવામાં આવશે : જાળવણીની જરૂરિયાત પણ નહીંવત રહે છે

ગાંધીનગર તા ૨૮

વરસાદી દિવસોમાં ડામર માર્ગોનુ વિશેષ ધોવાણ થાય છે. જયારે માર્ગોને નુકશાન થતા ઉબડ ખાબડ બનતા રસ્તાઓ માર્ગ સલાતમીની દ્રષ્ટીએ ઘણીવાર જોખમી બનતા હોય છે. જો કે આ સ્થિતિ નિવારવા સરકાર દ્વારા હાલ પ્રોયોગિક ધોરણે વ્હાઈટ ટોપિંગ કન્સેપ્ટને અનુલક્ષી રાજયમાં વિવિધ ત્રણ માર્ગોના કામને મંજુરી આપી છે. જેમાં વડોદરા ઉપરાંત ગાંધીનગરના બે માર્ગોનો સમાવેશ થાય છે. સરગાસણ થી રક્ષાશકિત સર્કલ તરફ જવાના ૩ કી મી માર્ગને વ્હાઈટ ટોપિંગ કરવામાં આવશે જયારે અડાલજ કોબા લિંક રોડને અનુલક્ષીને પણ વ્હાઈટ ટોપિંગ યોજના અમલમાં મુકાશે આ બન્ને માર્ગોની કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

રાજયમાં વરસાદી દિવસોમાં માર્ગોનુ ધોવાણ થવાના લીધે ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવતા હોવાના મુદ્દે છેલ્લા કેટલાક વર્ષોથી આમ નાગરિકોમાં વ્યાપક રોષ જોવા મળે છે. વરસાદી પાણીના ભરાવાના લીધે માર્ગોનુ ધોવાણ પણ ઝડપથી થાય છે. પાણી અને ડામરને આડવેર હોવાના લીધે આ સ્થિતિ વારંવાર જોવા મળે છે. શહેરમાં પણ વરસાદી દિવસો દરમિયાન માર્ગો પરથી કાંકરી ઉખડવાની સાથે ફરિયાદો પણ વાહનચાલકો માટે પરેશાનીનુ કારણ બને છે. જો કે સરકાર દ્વારા આ સમસ્યાને ડામવા માટે વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયત ફાર્માસીસ્ટ એસો. પણ હવે આંદોલન માર્ગે : કામગીરીનો બહિષ્કાર



ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્ય પંચાયત ફાર્માસીસ્ટ એસો. દ્વારા હવે આંદોલનનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમના પડતર પ્રશ્નોનો યોગ્ય ઉકેલ ન આવતાં આ અંગે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ અંગે રાજ્યના આરોગ્ય તેમજ પંચાયતમંત્રીને પત્ર લખીને જાણ કરી છે. ફાર્માસીસ્ટોને વેક્સીન કોલ્ડ વેઈન હેન્ડસર તરીકે માસિક ભથ્થુ આપવામાં આવે તેવી વારંવારની રજુઆતો પછી આ પ્રશ્નનો ઉકેલ ન આવતાં ૨૭ જુલાઈથી ૯ ઓગષ્ટ સુધી સમગ્ર ગુજરાતમાં evin એપમાં વેક્સિનની રોજબરોજની ઓનલાઈન એન્ટ્રી જિલ્લા તથા પ્રા.આ. કેન્દ્ર એમ તમામ સ્તરે સંપૂર્ણપણે બંધ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આજે મહોરમની ઉજવણી

## બપોર બાદ શહેરમાં તાજીયા જુલુસ નીકળશે : મેટ્રો ટ્રેનની કામગીરીના કારણે જુલુસનો રૂટ બદલવામાં આવ્યો



ગાંધીનગર, તા. ૨૮

ઈમામ હુસેનની સહિદીની યાદમાં ઉજવાતા માતમના તહેવાર મહોરમની ઉજવણી ગાંધીનગરમાં કરવામાં આવશે. મહોરમ નિમિત્તે શહેરના માર્ગો પરથી તાજીયાનુ જુલુસ યોજાશે. મેટ્રો ટ્રેનની કામગીરીના કારણે તાજીયા જુલુસનો રૂટ આ વર્ષે બદલવામાં આવ્યો છે.

મહોરમ માસના દસમા દિવસે તાજીયાનુ જુલુસ યોજવામાં આવે છે. મહોમ્મદ પયંગમ્બરના દૌહિત્ર ઈમામ હુસેન અને તેમના સાથીઓએ માનવતા અને ધર્મ કાજે કરબલામાં શહિદી વ્હોરી હતી. તેની યાદમાં મહોરમ માસના દસમા દિવસે તાજીયાનુ જુલુસ યોજવામાં આવે છે. આ દિવસે મુસ્લિમ સમુદાય દ્વારા રોઝા રાખવામાં આવે છે અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

ગાંધીનગર શહેરમાં દર વર્ષે તાજીયા કમિટિ દ્વારા જુલુસનુ આયોજન કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# ચ-૫ સર્કલની આ છેલ્લી તસ્વીર

## મેટ્રો પ્રોજેક્ટના કારણે નગરની આગવી ઓળખ ધરાવતું ચ-૫ સર્કલ લોકો માટે હવે ભૂતકાળ બની જશે



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર એટલે સર્કલ નગરી તરીકેની ઓળખ ધરાવતુ પાટનગર. આ શહેરનો વિસ્તાર હદ વધી તે પૂર્વે ૩૯ કિ.મી. જેટલો હતો. આ સેક્ટરમાં ૪૦ થી વધુ સર્કલ આવેલા છે.

ગાંધીનગરમાં પ્રવેશ કરો એટલે ઈન્દ્રોડા સર્કલથી શરૂ થતુ આ નગરની હદ આમ તો ધોળાકુવા સુધીની અગાઉ હતી.



આ સર્કલોનું નામાભિધાન કરવામાં તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કરી શહેરની ઓળખને વધુ પ્રસ્થાપિત કરી હતી.

વાત આજે ગાંધીનગરના પ્રથમ સર્કલ ચ-૫ની કરવી છે. જુના સચિવાલય પાસે આવેલ આ સર્કલની એક આગવી ઓળખ છે. જુના સચિવાલય પાસે આવેલ સ્ટાફ ટ્રેનીંગ કોલેજના ખુણાને પહેલા આંદોલન ચોક તરીકે ઓળખ આપવામાં આવી હતી. પછી ધીરે ધીરે તે ઉપવાસી છાવણીમાં પરિવર્તીત થઈ હતી. સત્તાધીશોએ આ ઉપવાસી છાવણીને સે. ૬ સુધી ખસેડી દીધી.

અહિ સરસ મજાનુ સર્કલ બનાવાયુ અને તે પણ રંગબેરંગી ફુવારા સાથેનું સર્કલ જે ૭૫ થી ૮૦ના દાયકામાં શહેરનું એક નવલુ નજરાણુ હતુ.

દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરના સર્કલોને પી.પી.પી. મોડેલ પર ડેવલપ કરવાનો મહત્વનો નિર્ણય લીધો. આ પછી આ સર્કલ સહિત ઘ-૫ નું સર્કલ પણ સારી રીતે ડેવલપ કરવામાં આવ્યુ હતુ.

ચ-પના સર્કલ પાસે પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. ઈન્દિરા ગાંધીની પ્રતિમા મુકવાનો નિર્ણય સ્વ. અમરસિંહ ચૌધરીના સમયમાં લેવામાં આવ્યો હતો પણ તેનુ અમલીકરણ થયુ નહિ. આ પછી ૨૦૧૩-૧૪માં અહિ સેલ્ફી પોઈન્ટ ડેવલપ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મનપાએ આ નિર્ણય લીધો હતો.

હવે મેટ્રોરેલની કામગીરી ચાલી રહી છે અને અહિ મેટ્રોનું સ્ટેશન બનવાનુ છે ત્યારે આ સર્કલનું અસ્તીત્વ મટી જશે. આ નગરનું એક નવલુ નજરાણુ તરીકેની ઓળખ પામેલ આ સર્કલની આખરી તસ્વીર.

# પેથાપુર જંકશન પર એક કીમી લાંબો ફલાઈ ઓવર બનશે

## આ જંકશન પર પ્રતિદિન અંદાજિત ૮૫ હજાર વાહનોની અવરજવર થાય છે : ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ ના પ્રયાસથી ઓવર બ્રિજનો કામ મજુર થતાં આખરે ટ્રાફિક ની સમસ્યાનો અંત આવશે : ૬૨ કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનશે : નાગરિકોને સલામત અને સરળ રોડ નેટવર્ક ઉપલબ્ધ થશે

છેલ્લા એક દાયકામાં ગાંધીનગર અને આસપાસનું રોડ નેટવર્ક ઘણુંખરું અપગ્રેડ થયું છે શહેરમાં અંડરપાસ અને આસપાસના વિસ્તારને જોડતા રોડ નેટવર્ક ને અનુલક્ષી ઓવરબ્રિજ પર વાહનો દોડતા જોવા મળે છે ક્રોસ જંકશન પર ટ્રાફિક જામ ને અટકાવવા ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવ્યા છે જ્યારે પેથાપુર જંકશન પર એક કિલોમીટર લાંબો ફલાય ઓવરબ્રિજ બાંધવામાં આવશે.

આ બ્રિજ તૈયાર થયા બાદ મહુડી, વિસનગર તરફ જતા ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને સલામત બનશે આ વિસ્તારના પ્રશ્નો ઉકેલવા માટે ધારાસભ્ય રીટાબેન પટેલ પણ વિશેષ રસ દાખવ્યો છે તેમના પ્રયાસ થી ઓવર બ્રિજનો કામ મજુર થયુ છે. પેથાપુર વિસ્તારના સ્થાનિકોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે પેથાપુર ના આ જંકશન પર પ્રતિરોજ અંદાજે ૮૫ હજાર જેટલા વાહનોની અવરજવર રહે છે

એસ જી હાઈ વે પર તમામ જંકશન પર ઓવરબ્રિજ નું નિર્માણ થતાં નાગરિકોને શિરદર્દ સમાન ટ્રાફિક ની સમસ્યામાંથી છુટકારો મળ્યો છે સ્માર્ટ સીટી થી અમદાવાદને જોડતા રક્ષા શક્તિ સર્કલ પાસે પણ થોડા સમય અગાઉ બ્રિજ ખુલ્લો મુકવામાં આવ્યો છે અને એપોલો સર્કલ હાલ કેબલ બ્રિજ નું કામ ચાલી રહ્યું છે જ્યારે નવા બ્રિજ તૈયાર કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે ગાંધીનગરના પેથાપુર જંકશન પર પણ લાંબા સમય થી ટ્રાફિકની સમસ્યા જટિલ બની છે આ ઠેકાણે ઓવરબ્રિજ માટે લાંબા સમયથી માંગણી કરવામાં આવતી હતી. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પેથાપુર જંકશન પર ફલાય ઓવરબ્રિજ બાંધવા માટેની રૂપિયા ૬૨ કરોડના અંદાજીત ખર્ચની યોજનાને મંજુરી આપી દેવામાં આવી છે જ્યારે આ યોજના અન્વયે ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવામાં આવી છે જ્યારે એક કિલોમીટર જેટલી લંબાઈ ધરાવતા આ ઓવરબ્રિજનું બાંધકામ બે મહિનામાં જ શરૂ કરવામાં આવશે આગામી દોઢ વર્ષમાં કામગીરી પૂર્ણ કરી દેવાશે જ્યારે બ્રિજની નીચે ૭ મીટર પોહળો સર્વિસ રોડ પણ બનાવશે જ્યારે રોજના હજારો વાહનોની અવરજવર ને સલામત રોડ નેટવર્ક પણ ઉપલબ્ધ થશે

## સાતમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. નાનાલાલ મહાદેવભાઈ મહેતા**

સ્વ. તા. ૨૯-૭-૨૦૧૬

વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ, સહકાર અને સત્યતાનો માર્ગ બતાવનાર, જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર એવા પરોપકારી સ્વભાવ ધરાવતા આપને, અમો કદી નહી ભૂલી શકીએ...

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.

શરદભાઈ નાનાલાલ મહેતા    જગદીશભાઈ નાનાલાલ મહેતા

શૈલેશભાઈ નાનાલાલ મહેતા

ફર્મ :- સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ, સેક્ટર-૨૪, ગાંધીનગર

**વ્યાજબી ભાવે કોલસો મળશે**

રસ ધરાવતા MSME ઉદ્યોગોને વેસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ કંપનીનો કોલસો વ્યાજબી ભાવે મળશે.

South Gujarat Federation of Industries

E-mail : sgfi2021@gmail.com

**LED TV રીપેરીંગ**

ગાંધીનગર માટે આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com